ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૯ ટકા

# બાળકોની રમતગમતમાં કોરોના વિલન

## શહેરમાં છેલ્લા આઠ માસથી શાળાઓ બંધ રહેવાથી ઘરમાંને ઘરમાં બાળકો ચિડીયા થતા જાય છે : વધતા સંક્રમણને કારણે મા-બાપ હવે બાળકોને બહાર રમવા પણ જવા દેતા નથી

ગાંધીનગર, તા.૧

તહેવારો ની સિઝન હવે પૂર્ણ થવાના આરે છે ત્યારે ઘરે બેઠા શહેરના બાળકો કંટાળી ગયા છે. આમ તો દિવાળી વેકેશન ખૂલે અને સ્કૂલે ન જવા માટે ધમપછાડા કરતા બાળકો આજે શાળા જલ્દી ખુલે તેની રાહ જોઈ રહ્યા છે. કોરોનાને કારણે લગભગ માર્ચ મહિના બાદથી શાળાઓ બંધ છે ત્યારે સૌથી વધુ બાળકો અને વૃદ્ધોને ઘરની બહાર નીકળવા માટે તકલીફ પડી રહી છે. હમણાં તહેવારોને કારણે કોરોના કેસમાં સતત વધારો થતો હોવાને કારણે માતા-પિતા બાળકોને ઘરની બહાર રમવા પણ જવા દેતા નથી જેને કારણે બાળકો ચિડાઈ રહ્યા છે.

છેલ્લા છ મહિનાથી વધુ સમય થઈ ગયો ને કોરોનાને કારણે બાળકો ઘરમાં જ પુરાઈ રહ્યા છે. તહેવારો પહેલા ઘરની બહાર નિકળવાનો મોકો મળ્યો પરંતુ તહેવાર દરમિયાન શહેરમાં કોરોનાના કેસમાં વધારો થતા તમામ માતા-પિતા બાળકોને ઘરની બહાર રમવા પણ જવા દેતા નથી માટે ત્યારથી જ શહેરના બાળકો ઘરની અંદર પુરાઈને કંટાળી ગયા છે. બાળકોનું કહેવું છે કે આના કરતાં તો દિવાળી વેકેશન બાદ સ્કૂલ ખુલતી હતી તે બેસ્ટ ઓપ્શન હતો. સ્કુલમાં જઈને ફ્રેન્ડસ સાથે મળી શકાય અને મસ્તી તો કરી શકાતી હતી. અત્યારે તો સ્કૂલ બંધ હોવાથી ફ્રેન્ડસને પણ મળાતું નથી અને ઘરમાં ને ઘરમાં અમને કંટાળો આવી ગયો છે. વિડીયો ગેમ રમી રમીને પણ કેટલી રમીએ અને હવે તો મમ્મી પપ્પા પણ અમારા ઉપર વાતે વાતે ચિડાઈ જાય છે. અને હવે તો વર્ચ્યુઅલ ક્લાસમાં પણ એટલી મજા નથી આવતી. આંખો દુખવા લાગે છે અને એક સમયે કંટાળી જવાય છે. દિવાળી પહેલા તો પેરેન્ટસે તેમને ઘરની બહાર ગાર્ડનમાં જઈને રમવાની થોડી ઘણી છૂટ આપી હતી પરંતુ કેસમાં વધારો થવાથી હવે ફરીથી ગાર્ડનમાં જઈને રમવાની અમારી પરમીશનને અમારા પેરેન્ટ્સ દ્વારા કેન્સલ કરી દેવામાં આવી છે.

આજે શહેરમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અમુક ચોપડે નોંધાઈ રહ્યા છે અને અમુક કેસમાં તો ભાળ પણ નથી હોતી ત્યારે ઘરની બહાર બાળકો કે વૃદ્ધોએ કામ વગરની કરવું જોખમ ભર્યું છે. આજે કોરોના થયેલ દર્દી પણ ઘરની બહાર જઈને હરતો ફરતો હોય છે પણ કોઈને જાણ હોતી નથી જેને કારણે શહેરના પેરેન્ટ્સે પોતાના બાળકોને ઘરની નજીક ગાર્ડનમાં પણ રમવા જવાની ના પાડી દીધી છે. તેમનું કહેવું છે કે આજે કોને કોરોના છે તે ખબર જ નથી પડતી ત્યારે બાળકો તો નાદાન છે ગમે ત્યારે ગમે તેને જઈને મળી લે ન કરે નારાયણ ને ચેપ લાગ્યોતો બાળક આ રોગને સહન નહી કરી શકે એટલે બેટર છે કે બાળકો ઘરમાં જ રહીને ટીવી જોવે અથવા ઈન્ડોર ગેમ રમે સાથે અમે પણ પ્રયત્ન કરીશું કે બાળકોને વધુમાં વધુ સમય આપી શકીએ એટલે ઘરમાં ને ઘરમાં બાળક ચિડાય નહીં.

# કોરોનાના ટેસ્ટ કરાવવા હજુ પણ લાંબી કતારો

## કોરોના પ્રત્યે જાગૃતિ આવવાની સાથો સાથ વિદેશ જવા માટે કે અન્ય રાજયમાં જવા માટે કોરોનાનો ટેસ્ટ ફરજિયાત હોવાથી ધસારો ખૂબ જ વધ્યુ




ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર અને આસપાસના જિલ્લાઓમાં વધી રહેલા કોરોનાના કહેરને પરિણામે વસાહતીઓમાં ખૂબ જ જાગૃતિ આવી છે. ટેસ્ટ કરાવવા માટે કતારો લાગી રહી છે. વળી ટેસ્ટના ભાવ ઘટાડવામાં આવતા ટેસ્ટ ભાવ ઘટાડવામાં આવતા ટેસ્ટ કરાવનારાઓની સંખ્યા વધી છે.

દિવાળી બાદ ગાંધીનગર ઉપરાંત સમગ્ર રાજયમાં કોરોનાએ માથુ ઉંચકયું છે. કોરોનાની બીજી લહેર શરૂ થઈ હોય તેમ દરરોજ મોટી સંખ્યામાં કેસ સામે આવી રહ્યા છે. કેસની સંખ્યા વધતા હવે લોકોમાં જાગૃતિ પણ આવતી જાય છે. ઝડપી નિદાન સંક્રમણ તો વધતું અટકાવે જ છે સાથો સાથ સારવારમાં પણ તે ઝડપ આવે છે. મનપા દ્વારા કોરોનાના એન્ટીજન ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવતા હોવાથી આ ટેસ્ટ સેન્ટરોની બહાર ખૂબ જ ભીડ જોવા મળે છે. સેકટર-૨૪ અને સેકટર-૨ના અર્બન હેલ્થ સેન્ટર ઉપરાંત સેકટર-૨૧માં પણ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવે છે. ન્યુ ગાંધીનગરમાં પણ કેટલાક સ્થળોએ ટેસ્ટીંગ ચાલુ કરવામાં આવ્યું છે અહીં પણ લાંબી કતારો જોઈ શકાય છે.

એન્ટીજન ટેસ્ટ ઉપરાંત ખાનગી લેબોરેટરીઓમાં કરવામાં આવતા આરટીપીસીઆર ટેસ્ટની કિંમતમાં રાજય સરકારે ખાસ્સો એવો ઘટાડો કર્યો છે. જેના પરિણામે ખાનગી લેબમાં પણ ટેસ્ટ માટે ધસારો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે આ ટેસ્ટના પરીણામ એક દિવસમાં આવી જતા હતા તે હવે વધીને બે થી ત્રણ દિવસ થયા છે. રીપોર્ટ માટે રાહ જોવી પડે છે.

ગ્રામ્ય વિસ્તારોમાં પણ ટેસ્ટ કરાવવા બાબતે જાગૃતિ આવી છે. અહીં વિવિધ સ્થળોએ ટેસ્ટ કરાવવાના સેન્ટર શરૂ કરાયા છે.



લોકડાઉન બાદ ગાંધીનગરના વિકાસકામોને વેગ મળી રહ્યો છે. રોડ-રસ્તા અને ગટરના કામો ઠેર ઠેર થઈ રહ્યા છે. ગ-૫ થી ઘ-૫ સર્કલ તરફ જવાના માર્ગે બંને તરફ વૃક્ષોનો ઉછેર કરી તેને સુરક્ષિત રાખવા બ્લોકના કયારા બનાવવામાં આવી રહ્યા છે.

# આઈઆઈટીઈના ૬ વિદ્યાર્થીઓએ નેશનલ એલીજીબીલીટી ટેસ્ટમાં સફળતા મેળવી

## સતત બીજા વર્ષે આઈઆઈટીઈના ૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા : ૬માંથી ૨ વિદ્યાર્થિનીઓ યુજીસીની જુનિયર રિસર્ચ ફેલોશિપ માટે ઉત્તીર્ણ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ખાતેની ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના ૬ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી અને કૉલેજમાં અધ્યાપન માટે જરૂરી લાયકાત ગણાતી નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ 'નેટ' સફળતાપૂર્વક પાસ કરી છે. આ ૬ વિદ્યાર્થીઓમાંથી બે વિદ્યાર્થિનીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર રિસર્ચ ફેલોશિપ મળી છે જે આઈઆઈટીઈ માટે ગૌરવની બાબત છે. 'નેટ'નું પરિણામ આજે જાહેર થયું છે. આ વિદ્યાર્થીઓમાં વિપુલ રાવલ, મેઘા સુવાગિયા, ભાવિની પરમાર, સપના બારિયા, સુભાષિની વી. તથા પ્રકૃતિ પ્રજાપતિનો સમાવેશ થાય છે. આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

આઈઆઈટીઈનાં સુભાષિની વી. એમ.એડ.ના અને તથા પ્રકૃતિ પ્રજાપતિએ એમ.એસસી.એમ.એડ.ના વિદ્યાર્થિની છે. નોંધપાત્ર બાબત એ છે કે પ્રકૃતિ પ્રજાપતિએ પ્રથમ પ્રયત્નમાં જ 'નેટ'ની પરીક્ષામાં પાસ કરવાની સાથે સાથે જેઆરએફ પણ મેળવી છે. 'નેટ'ની આ પરીક્ષા દેશમાં લેવાતી કઠીન પરીક્ષાઓમાંથી એક છે, જેમાં સફળતા મેળવવી અઘરી હોય છે. પ્રકૃતિએ આ પરીક્ષા પ્રથમ પ્રયાસે અને તેના અભ્યાસની સાથે સાથે જ પાસ કરી છે, જે એક સિદ્ધિ છે. સપના બારિયાએ બીજી વખત 'નેટ'ની પરીક્ષામાં સફળતા મેળવવા ઉપરાંત જુનિયર રિસર્ચ ફેલોશિપ મેળવી છે. સફળ થયેલાં આ તમામ વિદ્યાર્થીઓએ હવે દેશની કોઈપણ શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થામાં શિક્ષણ વિદ્યાશાખાના અધ્યાપક તરીકે જોડાવા માટેની લાયકાત મેળવી છે. જ્યારે મેઘા સુવાગિયા, સપના બારિયા, વિપુલ રાવલ તથા ભાવિની પરમાર આઈઆઈટીઈનાં પીએચ.ડી. સ્કૉલર છે. મેઘા સુવાગિયા, ભાવિની પરમારે સતત બીજી વખત 'નેટ'ની પરીક્ષામાં સફળતા મેળવી છે.

# દહેગામ માર્ગ પર બાઈકને ટકકર મારતા બે ને ઈજા

ગાંધીનગર, તા.૧

દહેગામ-નરોડા હાઈ વે પર નર્મદા કેનાલ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બે વ્યકિત નીચે પડી જતા ઈજા પહોંચી હતી. બાઈકને પાછળથી અન્ય બાઈક ચાલકે ટકકર મારી હતી. ઈજાગ્રસ્તનો સારવાર માટે લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે ડભોડા પોલીસ મથકે પ્રવિણભાઈ પટેલની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ માલપુર તાલુકાના જલમપુર ગામના પ્રવિણભાઈ છગનભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને ખેતી કરીને ગુજરાન ચલાવે છે. ગત રોજ તેઓ અને તેમના કૌંટુબિક ભાઈ રમણભાઈ ભેમાભાઈ પટેલ પેશન પ્રો બાઈક લઈને રમણભાઈના દિકરાને મળવા અમદાવાદ આવી રહ્યા હતા.ત્યારે બપોરના સુમારે દહેગામ-નરોડા હાઈ વે પર નર્મદા કેનાલ પાસે ઢાળ ચડતી વખતે અચાનક પુરઝડપે ગફલતભરી રીતે બાઈક હંકારી બાઈક નં. જી.જે.૦૧.એસ.વી.-૦૯૮૮ ના ચાલકે પાછળના ભાગે થી ટક્કર મારતા આગળ બાઈક નં. જી.જે.૩૧.એચ.૦૭૪૩ લઈને જઈ રહેલા બે વડીલો નીચે પટકાયા હતા. જેમાં રમણભાઈને માથાના ભાગે તેમજ પ્રવિણભાઈને જમણા પગની ઘુંટી અને ઢીંચણ પર ઈજા પહોંચી હતી.ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા તાત્કાલીક દહેગામ અને ગાંધીનગર ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે બાઈક ચાલક ટક્કર મારીને નાસી ગયો હતો. જયારે બનાવ અંગે ડભોડા પોલીસ મથકે પ્રવિણભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર બાઈક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં ગુમ થયાની ફરિયાદ અંતર્ગત શહેરના સેકટર-૨૧ પોલીસ મથક દ્વારા જાણવાજોગ ફરીયાદ મુજબ સેકટર-૨૫ સહકાર કોલોની મકાન નં. ૮૧ ખાતે રહેતા નિર્મલાબેન ઉર્ફે નિરૂ ગત તા. ૨૦-૧૦-૨૦ ના રોજ ઘરેથી બપોરના ચાર વાગ્યાના અરસામાં કોઈને કંઈ પણ કહ્યા વિના નીકળી ગયા છે. જે આજદિન સુધી પરત ફરેલ નથી.

ધોરણ -૭ સુધી ભણેલા ૫૧ વર્ષિય નિર્મલાબેન ઉર્ફે નિરૂબેન રંગે ઘઉંવર્ણ, ઉંચાઈ ચાર ફુટ આઠ ઈંચ મધ્યમ બાંધાના છે. જેમના ગળાના ભાગે તલનુ નિશાન છે.તેઓ ગુજરાતી, હીન્દી ભાષાના જાણે છે. તેણીએ શરીરે વાદળી કલરનો ડ્રેસ તેમજ કમરે કાળા કલરનો લેંગો પહેરેલ છે. ઉપરોકત બહેન વિશે કોઈને માહિતી મળે તો સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

# આમજામાં વિશ્વ એઈડ્ઝ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર, જન શિક્ષણ સંસ્થા કલોલ તથા આમજા કેળવણી મંડળ દ્વારા આમજા ખાતે વિશ્વ એઈડ્ઝ દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં આમજા, ચાંદીસણા નાદરી ગામની બહેનો હાજર રહી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય જયેશભાઈ ચૌધરી દ્વારા બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પેટા આરોગ્ય કેન્દ્ર આમજાના ડૉક્ટર દ્વારા એઈડ્સ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શંકરભાઈ પટેલ સરપંચ આમજા, જન શિક્ષણ સંસ્થાના અધિકારી નટવરભાઈ ઠાકોર, રેણુકાબેન બારોટ, માલદેવભાઈ દેસાઈ તથા હાર્દિકભાઈ મોચી ઉપસ્થિત રહ્યા હતા.



ઘ-૪ સર્કલે અન્ડરપાસ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ સર્કલની આસપાસ અગાઉ ઘણી ખાણીપીણીની લારીઓ ઉભી રહેતી હતી. વળી પાથરણાવાળાઓએ પણ અહીં અડીંગો જમાવ્યો હતો. આ પાથરણાવાળાએ હવે ગ રોડ પર સ્વર્ણિમ પાર્કની સામે પોતાનો વ્યવસાય શરૂ કર્યો છે. સાંજના સમયે અહીં ઘણી ભીડ જોવા મળે છે.

# સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયરને સતત બીજા વર્ષે 'શ્રેષ્ઠ ફ્રન્ટિયર' ટ્રોફી

## આજે ૧લી ડિસેમ્બર બીએસએફના ૫૬માં સ્થાપના દિવસની ઉજવણીમાં ગુજરાત ફ્રન્ટિયરને 'અશ્વિની ટ્રોફી'થી સન્માનીત કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧

બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા તા. ૧લી ડિસેમ્બરના રોજ ૫૬માં સ્થાપના દિવસની ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરને તમામ ૧૪ ફ્રન્ટિયર્સ પૈકી સતત બીજા વર્ષે શ્રેષ્ઠ ફ્રન્ટિયર તરીકે અશ્વિની ટ્રોફીથી સન્માનીત કરવામાં આવ્યું છે. સુરક્ષા દળના સ્થાપના દિવસ પરેડ-૨૦૨૦ પ્રસંગે કેન્દ્રિય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયના હસ્તે ગુજરાત ફ્રન્ટિયરના આઈજી જી. એસ. મલિક તથા ડેપ્યુટી કમાન્ડર – રમતગમત અજયવીરસિંહે અશ્વિની ટ્રોફી પ્રાપ્ત કરી હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧લી ડિસેમ્બર ૧૯૬૫ના રોજ બોર્ડર સિક્યુરિટી આંતરરાષ્ટ્રીય સરહદનું રક્ષણ કરવાના હેતુથી ૨૫ બટાલિયન સાથે સ્થાપના કરવામાં આવી હતી. આજે, સરહદ સુરક્ષા દળ ૧૯૨ બટાલિયન સાથે વિશ્વનું શ્રેષ્ઠ સુરક્ષા દળ બની ચૂક્યું છે આ એક સૌથી મોટું સરહદ રક્ષક દળ છે જે ભારત-પાકિસ્તાન અને ભારત-બાંગ્લાદેશની સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય સરહદ ૬૩૮૬ કિ.મી.નું રક્ષણ કરે છે. અત્યાર સુધીમાં દેશની સેવા કરતાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના ૧૯૨૨ સરહદ પ્રહરીઓએ પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે અને ૭૭૯૧ ગંભીર ઈજાનો ભોગ બન્યા છે.

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન બોર્ડર સિક્યુરિટી ફોર્સે બાંગ્લાદેશની મુક્તિમાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સે ભારત-પાકિસ્તાન અને ભારત-બાંગ્લાદેશની સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સરહદોના રક્ષણમાં તૈનાત છે જ્યાં ઉગ્રવાદ, નક્સલવાદ અને આંતરિક સુરક્ષાના ઘણા પડકારો મોજૂદ છે. સીમા સુરક્ષા દળનું ગુજરાત ફ્રન્ટિયર પાકિસ્તાન તરફની કુલ ૮૨૬ કિમીની આંતરરાષ્ટ્રીય સરહદ જેમાં થાર રણ અને કચ્છના રણ સહિત ક્રિક અને દરિયાકાંઠાના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પંઢરીનાથ શંકરરાવ જગતાપ, ઉ.વ. ૮૪, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. રામરતનદાસ દામોદર અગ્રાવત, ઉ.વ. ૬૫, સે-૩, ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાળાજી નાથાજી, ઉ.વ. ૭૫, સોનારડા, તા. ગાંધીનગર
- સ્વ. ડાહીબેન સાંકાભાઈ પટેલ, ઉ.વ. ૭૦, માણેકપુર, તા. માણસા
- સ્વ. કાછીયા પ્રમોદભાઈ બળદેવભાઈ, ઉ.વ. ૬૫, દહેગામ, તા.જી. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. ધ્રુવ કોકીલાબેન દિનેશભાઈ, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પરદેશી મેસવાભાઈ કાળીદાસ, ઉ.વ. ૬૭, સુઘડ, તા. ગાંધીનગર
- સ્વ. કિશોરકુમાર જમનુમલ લલાવાની, ઉ.વ. ૬૩, ભાટ, તા. ગાંધીનગર
- સ્વ. બકુલભાઈ મોતીભાઈ ત્રિવેદી, ઉ.વ. ૭૪, રાણીપ, અમદાવાદ